જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૩૩/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૦૫ | ૫ | ૧૦૮૧૦ | ૧૬૯૫૧ | ૫ | ૧૬૯૫૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૯૩ | ૧૧ | ૪૪૦૪ | ૫૯૧૧ | ૧૨ | ૫૯૨૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૯૫૩ | ૬૨ | ૧૬૦૧૫ | ૧૬૮૦૦ | ૬૫ | ૧૬૮૬૫ |
| કુલ | | ૩૧૨૦૬ | ૭૮ | ૩૧૨૮૪ | ૩૯૮૯૬ | ૮૨ | ૩૯૯૭૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૧૦,૨૬,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬૪ | ૧૦,૬૪,000/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૩૧ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૬/૨૦૨૦**

**ચાંદખેડાઃ** રાકેશકુમાર રામપ્રીત ગુપ્તા (ઉ.વ.૨૭) (રહે. દીલીપભાઇની ચાલી ગુરૂકૃપાનગર ગુરુદ્વારા પાછળ સેજપુર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે માહે ડીસેમ્બર સને-૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શૈલેન્દ્ર શાંતીલાલ પટેલ અને (૨) શાંતીલાલ એમ.પટેલ (બન્ને રહે. દેવપ્રયાગ સોસાયટી સંપદ રેસીડેન્સી સામે ભાટ કોટેશ્વર રોડ મોટેરા ચાંદખેડા) એ ભેગા મળી નોકરી અપાવવાની લાલચ આપી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯,૫૯,૦૦૦/- મેળવી લઇ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૭/૨૦૨૦**

**ઓઢવઃ** રીટાબહેન કાનજીભાઈ દેસાઈ (રહે. કૃષ્ણનગર સોસાયટી વિભાગ-૨ આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી તા.૨૩/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.રોહિત ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૮/૨૦૨૦</u>**

**વેજલપુરઃ** રોહીતભાઇ રામાનંદભાઇ હેડા (ઉ.વ.૨૯) (રહે. આશ્રય-૯ સોસાયટી ખોડીયાર માતાના મંદીર પાસે જી.એસ.ટી.ક્રોસીંગ ન્યુ રાણીપ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી ૩/૧૫ દરમ્યાન અલ-મુકામ કોમ્પલેક્ષમાં આવેલ “જે.બી.જ્વેલર્સ” નામની દુકાન ખાતે ગ્રાહકના સ્વાંગમાં આવેલ સ્ત્રી અને પુરૂષે બંગડીઓ ખરીદ કરવાનો ડોળ કરી કિંજલબહેન મિસ્ત્રીની નજર ચુકવી દુકાનમાંથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૧,૫૭,૫૦૦/- ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૯/૨૦૨૦</u>**

**ઓઢવઃ** કિરણબહેન ડો/ઓ અનીલસિહ રાજપુત (ઉ.વ.૧૯) (રહે.વાળીનાથપાર્ક સોસાયટી રણછોડજીના મંદીર પાસે રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**વટવાઃ** રજનીબહેન ડો/ઓ ભીશમસિંગ સેંગર (ઉ.વ.૨૦) (રહે. સિધ્ધી વિનાયક એવન્યુ વિમલ ફાર્મ સામે બચુભાઇનો કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** દિપીકાબહેન વા/ઓ સંજયકુમાર ઠાકોર (ઉ.વ.૧૮) (રહે. અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૦ સાજના ૫/૫૦ વાગ્યા પહેલા ગીતામંદિર સામે વાસુદેવ ધનજીની ચાલી ખાતે પોતાના પિયરમાં પિતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી